# મોડાસાના બામણવાડ ગામે અનુ.જાતિ વરઘોડો ગામમાં કાઢવા બાબતે પિતરાઈ ભાઈ પર અસામાજિક તત્વોનો હુમલો

મોડાસા, તા. ૨૨

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા ઘણા સમયથી જાતિગત ભેદભાવની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. અનુ.જાતિના લગ્નપ્રસંગે નીકળતા વરઘોડામાં બાબલો થઈ રહી છે. કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં તો અસામાજિક તત્વોના ડરથી અનુ.જાતિના લોકો પોલીસ બંદોબસ્ત વચ્ચે ભયના ઓથાર નીચે થરથરતા વરઘોડા નીકળી રહ્યા છે. ખંભીસર ગામમાં અનુ.જાતિ સમાજના યુવકના વરઘોડામાં થયેલા ઘર્ષણથી સમગ્ર દેશમાં જીલ્લા સહીત રાજયની છબી ખરડાઈ છે ત્યારે વધુ એક ઘટના બહાર આવતા ચકચાર મચી છે.

મોડાસા તાલુકાના બામણવાડ ગામે ૧૬ મે ના રોજ અનુ.જાતિ યુવક ચિરાગ ડાહ્યાભાઈ પરમારનો વરઘોડો ગામમાં વાજતે-ગાજતે નીકળ્યો હતો. આ વાત ગામના કેટલાક અસામાજિક તત્વોને હજમ ન થતા તેની અંગત અદાવત રાખી આર્મીમાં ફરજ બજાવતા ૩ જવાનોએ અન્ય શખ્સો સાથે વરરાજાના પિતરાઈ ભાઈ રાકેશ વિનોદભાઈ પરમારને ફોન કરી ગામના તળાવ નજીક બોલાવી ગડદાપાટુ અને લાકડી વડે હુમલો કરતા યુવક જીવ બચાવી ઘરે દોડી આવતા પરિવારજનોએ સારવાર અર્થે દવાખાને ખસેડી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની



કાર્યવાહી હાથ ધરી હતી.

બામણવાડ ગામના લશ્કરમાં ફરજ બજાવતા કાળુસિંહ રણજીતસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ બળવંતસિંહ જાડેજા, લક્ષ્મણસિંહ મુળસિંહ જાડેજાએ ગામના અન્ય શખ્સો કલ્યાણસિંહ રણજિતસિંહ જાડેજા, ભરતસિંહ મદનસિંહ જાડેજા, દીપકસિંહ ઉર્ફે ભુરીયો જાડેજા તથા અન્ય ૧૫ લોકોના ટોળાએ ૧૬ મે ના રોજ અનુ.જાતિ યુવકના ગામમાં નીકળેલા વરઘોડાની અદાવત રાખી કાળુસિંહ રણજીતસિંહ જાડેજાએ વરરાજાના પિતરાઈ ભાઈ રાકેશભાઈ વિનોદભાઈ પરમારને ફોન કરી બામણવાડ ગામના તળાવની પાળે બોલાવી તમે લોકોએ ગામમાં વરઘોડો કેમ કાઢ્યો હતો તેમ જણાવી ઉશ્કેરાઈ જઈ ગડદાપાટુનો માર મારી સ્ટમ્પ અને લાકડી વડે હુમલો કરી મારી નાખવાની ધમકી આપતા રાકેશ પરમાર ઘાતકી હુમલાથી માંડ માંડ જીવ બચાવવામાં સફળ રહ્યો હતો. યુવકે ઘરે આવી સમગ્ર ઘટનાની જાણ પરિવારજનોને કરતા યુવકને રવિવારે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા બાદ યુવકના પરિવારજનો વધુ સારવાર અર્થે અન્ય હોસ્પિટલમાં લઈ જવાયો હતો.

સમગ્ર ઘટના અંગે મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા પોલીસે રાકેશભાઈ વિનોદભાઈ પરમારની ફરિયાદના આધારે કાળુસિંહ રણજીતસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ બળવંતસિંહ જાડેજા, લક્ષ્મણસિંહ મુળસિંહ જાડેજા કલ્યાણસિંહ રણજિતસિંહ જાડેજા, ભરતસિંહ મદનસિંહ જાડેજા, દીપકસિંહ ઉર્ફે ભુરીયો જાડેજા તથા અન્ય ૧૫ લોકોના ટોળા સામે ઈપીકો કલમ-૩૨૩, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, એટ્રોસિટી એક્ટ કલમ તથા જીપી એક્ટ કલમ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ગામમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.

# બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાની સાબરકાંઠા લોકસભા બેઠકમાં આડકતરી રીતે કોંગ્રેસ હારશે ની ભવિષ્ય વાણી

અરવલ્લી-સાબરકાબઠા જીલ્લામાં નગરપાલિકા, વિધાનસભા કે લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો આંતરિક વિખવાદ પણ હારનું પરિબળ બનતું હોય છે લોકસભાની ૫૪૨ બેઠકો પર યોજાયેલી ચૂંટણીની માટેની મતગણતરી ૧૪ કલાક જેટલો જ સમયગાળો બાકી છે ત્યારે સાબરકાંઠા લોકસભાની બેઠક માટે બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા એ લોકસભા બેઠક પર કોંગ્રેસની હાર થાય તો તેના માટે કોંગ્રેસનો આંતરિક વિખવાદ અને જુથવાદનું પરિણામ હોઈ શકે છે તેવું પરિણામોના થોડાક કલાકો પહેલા નિવેદન આપતા કોંગ્રેસના રાજકારણમાં વમળો સર્જાયા છે બીજીબાજુ ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોમાં આનંદ જોવા મળ્યો હતો.




## અરવલ્લી જિલ્લા માર્ક્સવાદી પક્ષે દલિત અત્યાચાર મામલે મોડાસામાં ધરણા

અરવલ્લી જીલ્લામાં અનુ.જાતિ સમાજ પર છેલ્લા કેટલાક સમયથી અત્યાચાર થતા અને લગ્ન પ્રસંગોમાં યુવકોના વરઘોડા કાઢવા પોલીસ રક્ષણની જરૂર પડતા અને મોડાસા તાલુકાના ખંભીસર ગામે લગ્ન પ્રસંગ નિમિતે દલિત સમાજના વરઘોડાને અટકાવી પત્થરમારો જેવી ઘટના બની હતી. તે સંદર્ભે જીલ્લા માર્કસવાદી સમિતિએ સખ્ત શબ્દોમાં વખોડી કાઢી અત્યાચારીઓ સામે તાત્કાલિક દાખલારૂપ કાયદેસરના પગલા લેવા માટે જનજાગૃતિ અને દલિત રક્ષણ માટે સરકાર પણ દબાણ લાવવા અને દલિત અત્યાચારના વિરોધમાં ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દલિતો તરફની નફરત અને ધ્રુણાની માનસિકતાના આવા બનાવો માટે જવાબદાર છે તેના સામે તાત્કાલિક કાર્યવાહી કરાય તથા સામાજિક તાણાવાણા એકતા અને ભાઈચારાની ધરોહરને રાખવામાં ગુજરાત અને કેન્દ્ર સરકાર નિષ્ફળ રહી છે તેવું દલિતો ધ્વારા જણાવવામાં આવ્યું હતું. અને દલિતોને ન્યાય મળે તે હેતુથી જીલ્લા સી.પી.એમ. મંત્રી ડાહ્યાભાઈ જાદવ તથા દલિત આગેવાન ધ્વારા મોડાસા ચાર રસ્તા પર ધરણા કાર્યક્રમ યોજી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

# બાઈકચાલકને બચાવવા જતાં કાર પલટી : કારચાલક ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૨૨

મોડાસાના સબલપુર કંપા નજીક અકસ્માત થતાં કારચાલક



ઈજાગ્રસ્ત થયો હતો. મોડાસાથી હિંમતનગર રોડ પર સબલપુર કંપા પાસે અકસ્માત સર્જાયો હતો. બાઈકચાલકને બચાવવા જતાં અચાનક કારચાલકે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. સ્ટેરિંગ પરથી કારચાલકે કાબુ ગુમાવતા કાર પલટી મારી ગઈ હતી. અચાનક થયેલા આ બનાવમાં મોટી જાનહાની ટળી હતી, પણ કારચાલકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

અકસ્માતને પગલે કારચાલકને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે. અકસ્માતની ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને કારચાલકને બહાર કાઢવાનો પ્રાયસ હાથ ધર્યો હતો. સ્થાનિક લોકોએ કારચાલકને તાબડતોબ બહાર કાઢીને સારવાર અર્થે હોસ્પિટલ દાખલ કર્યો હતો

### ગાયત્રી પરિવારનો એક વધુ કિર્તીમાન...

# ગાયત્રી મંત્ર લેખનમાં મોડાસાના મંગળદાસ કડીયાના નામે બન્યો વિશ્વ રેકોર્ડ !!!

મોડાસા, તા. ૨૨

શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા ચલાવી રહેલ ગાયત્રી મંત્ર લેખન અભિયાનમાં વિશ્વ રેકોર્ડ બન્યો છે. આ વિશ્વ રેકોર્ડ ગુજરાતના અરવલ્લી જીલ્લાના મોડાસાના નિવાસી મંગળદાસ ઈશ્વરલાલ કડીયા નામે થયો છે. મંગળદાસ ઈશ્વરલાલ કડીયા ૨૦૧૩થી ૨૦૧૯ની વચ્ચે સાત લાખ બોત્તેર હજાર આઠસો ગાયત્રી મંત્ર લેખન કર્યું. તેમણે ત્રણસો બાવીસ ગાયત્રી મંત્ર લેખન બુકોનું અવિરત લેખન કાર્ય કર્યું છે. વિશ્વ રેકોર્ડ ઈન્ડિયાની અગ્રગણીય સદસ્ય ભારવી પટેલ દ્વારા આ અંગેનું પ્રશસ્તિ પ્રમાણપત્ર અને મેડલ તારીખ ૨૦ મે સોમવારના રોજ મોડાસા ખાતે મંગળદાસ કડીયાને સુપ્રત કરવામાં આવ્યા.




ગાયત્રી મંત્ર લેખન પર વિશ્વ રેકોર્ડ બનવા માટે અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના પ્રમુખ ડૉ. પ્રણવ પંડ્યાજીએ કહ્યું કે ગાયત્રી મહામંત્રને જગતના આત્મા માનેલ સાક્ષાત દેવતા સૂર્યની ઉપાસના માટે સૌથી સરળ અને ફળદાયી મંત્ર માનવામાં આવેલ છે. આ મહામંત્ર નિરોગી જીવનની સાથે સાથે યશ, પ્રસિદ્ધિ, ધન, ઐશ્વર્ય દેનાર હોય છે પરંતુ ગાયત્રી મહામંત્રનું લેખન સાધકને જપથી અનેકગણું વધારે લાભ આપે છે. આજ કારણ છે કે ગાયત્રી પરિવારના અસંખ્ય સાધક આ અભિયાનમાં સામેલ થઈ લેખન કાર્યમાં જોડાયેલા છે. તેઓએ જણાવ્યું કે મંગળદાસ ઈશ્વરલાલ કડીયા દ્વારા વિશ્વ રેકોર્ડ બનવો એક ગૌરવ પ્રદાન કરનાર છે. આથી અન્યને પણ પ્રેરણા, પ્રોત્સાહન મળશે. સંસ્થાના અધિષ્ઠાત્રી શૈલદીદી શાંતિકુંજ હરિદ્વાર પરિવાર સહિત ગાયત્રી ચેતના કેન્દ્ર, મોડાસા દ્વારા મંગળદાસને શુભકામનાઓ પાઠવી છે.

મંગળદાસ કડીયાએ કહ્યું કે ગાયત્રી મહામંત્ર લેખનમાં વિશ્વ રેકોર્ડ બનવો એ ગાયત્રી પરિવારના જનક પૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજી, વંદનિયા માતાજીની પ્રેરણા અને શ્રદ્ધેય ડૉ. પ્રણવ પંડ્યાજી દ્વારા મળેલ માર્ગદર્શન વિના સંભવ ન હતું.

# અરવલ્લી જિલ્લામાં ઈવીએમ અને વીવીપેટ સુરક્ષિત રાખવા માટે વેરહાઉસનું લોકાર્પણ યોજાયું

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં ઈવીએમ-વીવીપેટના સંગ્રહ માટેનું વેરહાઉસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લા પંચાયતના પરિસરની જગ્યામાં નવનિર્માણ થયેલા વેરહાઉસને જિલ્લા કલેક્ટર એમ. નાગરાજને ખુલ્લુ મુક્યુ હતુ. ભારતીય ચૂંટણી પંચ તરફથી ઈવીએમ તેમજ વીવીપેટ મશીનના સંગ્રહ માટે ખાસ વેરહાઉસનુંનિર્માણ કરવામાં આવ્યુંછે.

જિલ્લા કલેક્ટર એમ. નાગરાજનના જણાવ્યા અનુસાર અંદાજે ૨.૭૫ કરોડના ખર્ચે અને ચૂંટણી પંચની ગાઈડલાઈન મુજબ ખાસ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં કુલ ચોવીસ જેટલા સ્ટ્રોંગરૂમ તેમજ પાંચ હજાર જેટલા બેલેટ યુનિટ, પાંચ હજાર જેટલા કંટ્રોલ યુનિટ સહિત ઈવીએમ તેમજ વીવીપેટ સુરક્ષિત રાખી શકાશે.



વેરહાઉસ પરના સ્ટ્રોંગરૂમ તેમજ આજુબાજુનો વિસ્તાર ચોવીસ કલાક સીસીટીવીની નિગરાની હેઠળ રહેશે. વેરહાઉસના લોકાર્પણ પ્રસંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી પી.સી. દવે, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. હર્ષિત ગોસાવી સહિતના અધિકારી સહિત અધિક કલેક્ટર, પ્રાંત અધિકારી તેમજ મામલતદાર ઉપસ્થિત રહ્યા હતા.

# લવારપુર શ્રી સ્વામીનારાયણ દ્વિ શતાબ્દી સ્મારક હાઈસ્કૂલનું ગૌરવ

ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૯થી ધો. ૧૦ની પરીક્ષા લેવાઈ હતી. ત્યારબાદ ૨૧મી મે. ૨૦૧૯ના રોજ શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦નું પરિણામ જાહેર થતાં ગાંધીનગર જિલ્લાની લવારપુર સ્થિત શ્રી સ્વામિનારાયણ દ્વિ શતાબ્દી સ્મારક હાઈસ્કૂલનું એસ.એસ.સી.-૨૦૧૯ બોર્ડની પરીક્ષામાં ૧૦૭ બોયમાંથી ૯૩ તથા ૨૪ ગર્લ્સમાંથી ૨૧ પાસ થતાં કુલ ૧૩૧માંથી ૧૧૪ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થતાં શાળાનું ૮૭.૦૨૩ ટકા પરિણામ હાંસલ કરતાં ઉંચુ પરિણામથી વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહનું મોજું જોવા મળ્યુ હતુ. ધોરણ-૧૦ના પરિણામમાં શાળામાંથી પ્રથમ નંબરે પટેલ જય નીતિનભાઈએ ૬૦૦ માંથી ૫૧૦ ગુણ સાથે ૮૫.૦૦ ટકા તેમજ ગોહિલ વિજય વિસાભાઈ પણ ૬૦૦ માંથી ૫૧૦ ગુણ સાથે ૮૫.૦૦ ટકા સાથે બંને વિદ્યાર્થીઓએ સરખા ગુણ મેળવી ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. જ્યારે બિહોલા ભાગ્યશ્રી કાનાજી ૬૦૦માંથી ૪૪૮ ગુણ સાથે ૭૪.૬૬ટકા તથા બિહોલા ખુશી ગણપતજીએ ૬૦૦માંથી ૪૪૩ ગુણ સાથે ૭૩.૮૩ ટકા મેળવી ત્રીજા અને ચોથા સ્થાન મેળવી ગૌરવ પ્રાપ્ત કર્યુ હતુ. આમ લવારપુર શાળાનું પરિણામ ૮૭.૦૨૩ ટકા તથા કેન્દ્રનું પરિણામ ૮૧.૧૯ ટકા આવતાં શાળાના આચાર્ય સુરેશભાઈ ચૌધરી, કેળવણી મંડળના પ્રમુખ રણછોડભાઈ પટેલ તથા મંત્રી ગુણવંતભાઈ પટેલે પરિણામના દિવસે ઉપસ્થિત રહી સફળતા મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ આપી ઉજ્જવળ કારકિર્દી બને અને શાળાનું ગૌરવ વધે તેવી શુભકામના પાઠવી હતી.

# નિવૃત્ત વિદ્યુત કર્મચારી મંડળનું ૧૧મી જુને અંબાજીમાં અધિવેશન

ગુજરાત વિદ્યુત બોર્ડના નિવૃત તથા હાલ જી.યુ.વી.એન.એલ. અને તેની સંલગ્ન કંપનીઓના વર્ગ ૧ થી ૪ ના નિવૃત કર્મચારી અધિકારીઓનું પ્રથમ અધિવેશન તા. ૧૧ અને ૧૨ જુનના રોજ અંબાજી ખાતે વિશ્વકર્મા મેવાડા સુથાર સમાજ દાંતારોડ ખાતે યોજાનાર છે. મંડળના ઉચ્ચ પદાધિકારીઓ, કંપનીના ઉચ્ચ અધિકારી-ઉર્જામંત્રી સહિતના મહાનુભાવોને વિશેષ આમંત્રણ આપવામાં આવેલ છે. ગુજરાતભરના તમામ નિવૃત વિદ્યુત કર્મચારીઓ અધિકારીઓ હાજર રહીને પોતાના હિતની રક્ષા અંગે વિચારણા કરાશે.





# સે. 3 એસ.એસ.વી. કેમ્પસ ખાતે સ્નેહના સગપણ નાટક

એસ.એસ.વી. કેમ્પસમાં યોજાયેલ સ્નેહના સગપણ નાટક માણવા મોટી સંખ્યામાં કલાપ્રેમીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિસનગરના ફકીર અમીનાબાનુની અટકાયત કરી જેલના હવાલે

ગાંધીનગર, તા. ૨૨

ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે વિશ્વભરમાં નશીલા પદાર્શો અને માદક પદાર્થોના સેવનનો વ્યાપ વધ્યો છે. ત્યારે રાજ્યનું યુવાધન આ માર્ગે જાય નહી તે માટે રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કર્યો છે. રાજ્યમાં નશીલા પદાર્થો અને માદક દ્રવ્યોના વેચાણ-હેરાફેરીની પ્રવૃત્તિને ડામવા માટે સીઆઈડી ક્રાઈમના નાર્કોટીક્સ સેલ દ્વારા રાજ્યમાં પ્રથમ કેસ તરીકે વિસનગરના ફકીર અમીનાબાનુની અટકાયત કરીને સાબરમતી જેલમાં મોકલી અપાયા છે.

ગુજરાત એક વિકસિત રાજ્ય હોવાના કારણે રોડ, રેલ અને હવાઈ માર્ગે દેશના વિવિધ વિસ્તારથી જોડાયેલ છે તથા ઔદ્યોગિક રીતે વિકસિત હોવાના કારણે રાજ્યમાં રોજગારી અર્થે અને નાના મોટા ધંધાર્થે દેશના અન્ય ભાગોમાંથી નાગરિકો ગુજરાતમાં નાના મોટા શહેરોમાં આવતા હોય છે. અને તેઓ પૈકી કેટલાક લોકો પોતાના મુળ વતનના ગુન્હેગારો સાથે નશીલા પદાર્થો અને માદક દ્રવ્યોની હેરાફેરી સાથે સંકળાયેલા હોય છે. ત્યારે નાર્કોટીક્સ સેલ દ્વારા આ કામગીરી કરાઈ છે જે સરાહનીય છે. રાજ્યમાં નાર્કોટીક્સનું વેચાણ અને હેરાફેરી અટકે તે માટે તમામ પોલીસ કમિશ્નરશ્રી, તમામ જિલ્લા પોલીસ અધિક્ષકને નસીલા પદાર્થો અને માદર દ્રવ્યોની હેરાફેરી કરવાવાળા ઈસમો વિરૂદ્ધમાં કડક અટકાયતી પગલા લેવાઁ દ્રહૂંજી એક્ટ હેઠળ દરખાસ્તો મોકલવા પણ સૂચના આપવામાં આવી છે.

નાર્કોટીક્સ અંગેના આવા કેસો કરવાની સત્તા અત્યાર સુધી કેન્દ્ર સરકારના નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો (NCB) પાસે જ હતી. કેન્દ્ર સરકારની સૂચનાનુસાર રાજ્ય સરકાર દ્વારા Prevention of illicit Traffic in Narcotic Drug and Psychotoropic Substances Act હેઠળના આવા પ્રકારના કેસો સ્ટેટ સીઆઈડી ક્રાઈમને દાખલ કરવાની સત્તાઓ આપવામાં આવી છે. ત્યારે હવેથી આવા કેસો રાજ્યની પોલીસ દ્વારા પણ કરાશે. હવેથી રાજ્યમાં નશીલા પદાર્થોનું વેચાણ અને હેરાફેરી અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કડક હાથે કાર્યવાહી કરવામાં ખૂબ જ અનુકૂળતા રહેશે અને આવા તત્વોને ડામવામાં રાજ્ય સરકારને ઝડપથી સફળતા મળશે.

## ઉત્તેજના વચ્ચે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમિયાન આજે જિલ્લા તંત્રએ ગ-૨થી ગ-૫ સુધીના માર્ગને નો-પાર્કીંગ ઝોન જાહેર કરતું જાહેરનામું પણ આજે પ્રસિદ્ધ કરી દીધું છે અને તેનો ચુસ્તીથી અમલ કરવામાં આવશે.

જિલ્લામાં પણ અપ્રિય ઘટના ન બને તેની પણ કાળજી લેવામાં આવશે. ૪૦૦થી વધુ પોલીસ કર્મીઓ, ૩ ડી.વાય.એસ.પી. અને ૩૬ જેટલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર આ મતગણતરી સ્થળે ફરજો બજાવશે.

મતગણતરી માટે મોઈક્રો ઓબ્ઝર્વરોની પણ નિયુક્તિ કરવામાં આવી છે. જિલ્લામાં પોસ્ટલ બેલેટ ૧૩૯૦૮ અને ૬૯૨ ઈલેક્ટ્રોનિક ટ્રાન્સમીટ પોસ્ટલ બેલેટ મળી કુલ ૧૪૬૦૦ પોસ્ટલ બેલેટ મોકવામાં આવ્યા હતા. જેમાંથી ૨૦મી સુધીમાં ૧૦ હજારથી વધુ બેલેટ પરત આવેલ છે. પાંચ રાઉન્ડ પોસ્ટલ બેલેટના થશે તેવો અંદાજ છે.

મતગણતરી કેન્દ્ર પર સુરક્ષા અને પારદર્શિતા માટે સ્ટ્રોંગરૂમ ખાતે ૪૨ સીસીટીવી તથા મતગણતરી રૂમોમાં ૭૨ મળી કુલ ૧૧૪ સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા છે. આ સાથે ૧૮ જેટલા વિડિયોગ્રાફર સતત વિડિયોગ્રાફી પણ મતગણતરી કેન્દ્રની કરશે.

ગાંધીનગ સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ સાત વિધાનસભા ક્ષેત્રોમાં સાબરમતી માટે ૧૭, નારણપુરા, ગાંધીનગર (ઉ) અને કલોલ વિધાનસભા માટે ૧૮-૧૮ રાઉન્ડમાં તો સાણંદ વિધાનસભા માટે ૨૧ રાઉન્ડ અને ઘાટલોડિયા માટે ૨૭ રાઉન્ડમાં મતગણતરી થશે.

ગાંધીનગર બેઠક પર ૧૨,૭૫,૩૯૪ મતદારોએ મતદાન કર્યુ હતું. દરેક વિધાનસભા બેઠકના પાંચ ઈ.વી.એમ.ની વી.વી.પેટની સ્લીપો સાથે મેળવણી કરવામાં આવશે.

મતગણતરી સાંજે ૬ વાગ્યા સુધીમાં સંપન્ન થવાનો અંદાજ છે તેવો વિસ્વાસ જિલ્લા કલેક્ટરશ્રી લાંગાએ વ્યક્ત કર્યો છે.

## પાંચમા ક્રમે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિક્ષણક્ષેત્રે હાઈફાઈ બનતા ગાંધીનગરમાં નતનવી શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત હોવાથી વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક અભિગમ પણ વિકસ્યો છે. જયારે નવી યુનિવર્સિટી સહીત અનેક શિક્ષણવિદોથી સમૃધ્ધ નગરને શિક્ષણ ક્ષેત્રે નવા નવા તજજ્ઞોનો લાભ પણ મળે છે. આમછતા પાટનગરમાં શિક્ષણના સ્તરને હજુ સુધારવુ અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. રાજયના અન્ય મોટા શહેરોની સાપેક્ષમાં ગાંધીનગરના પરિણામની ટકાવારી પ્રમાણમાં ઘણી નીચી જોવા મળી રહી છે.

## વિજય સરઘસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં મતગણતરી કેન્દ્રથી વિજય સરઘસ યોજાશે.જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો તેમજ નાગરિકો ઉત્સાહભેર જોડાશે આ માટે જરૂરી મંજુરી પણ મેળવી લેવામાં આવી છે. જયારે રૂટમાં પેંડા વિતરણ પણ કરવામાં આવશે. આ દરમિયાન ભવ્ય આંતશબાજી પણ કરાશે. ઘ-૪ ખાતે પણ સાંજના સમયે જીતનો જશ્ન મનાવવા માટે સ્થાનિકો ઉત્સુક બન્યા છે.

## આજે ફેંસલો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુધી રહ્યા નથી. આવી સ્થિતિમાં ચોક્કસપણે કોઈ પાર્ટી કે નેતા કહેવાની સ્થિતિમાં નથી. જો કે, એનડીએના સાથી પક્ષો પરિણામોને લઈને આત્મવિશ્વાસમાં દેખાઈ રહ્યા છે. પોલના પોલમાં કહ્યું છે ભાજપ અને સાથી પક્ષોને ૨૯૬ અને કોંગ્રેસ અને સાથી પક્ષોને ૧૨૭ સીટો મળવાનો અંદાજ છે. સી વોટર, જનકી બાત, ન્યુઝનેશન, અન્ય ટીવી સર્વેમાં પણ ભાજપને લીડ મળી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૨ સીટો ઉપર સાત તબક્કામાં મતદાનની જાહેરાત કરી હતી જે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી એપ્રિલના દિવસે અને બીજા તબક્કામાં ૧૮મી એપ્રિલના દિવસે મતદાન થયું હતું. ત્રીજા તબક્કામાં ૨૩મી એપ્રિલના દિવસે મતદાન થયુ હતુ અને ૨૯મી એપ્રિલના દિવસે ચોથા ચોથા તબક્કામાં મતદાન થયુ હતુ.છટ્ઠી મેના દિવસે પાચંમા તબક્કામાં મતદાન થયુ હતુ.

જ્યારે છઠ્ઠા તબક્કામાં ૧૨મીના દિવસે મતદાન થયુ હતુ. સાતમા તબક્કામાં ૧૯મીમેના દિવસે મતદાન થયુ હતુ. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થયુ હતુ. બીજા તબક્કામાં ૧૨ રાજ્યોની ૯૫ સીટ પર મતદાન થયું હતું. ત્રીજા તબક્કામાં ૧૨ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતી ૧૧૬ સીટ પર મતદાન થયુ હતુ . છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યોની ૫૯ સીટો ઉપર મતદાન પૂર્ણ થયું હતુ. સામાન્ય ચૂંટણીમાં આ વખતે કુલ ૯૦ કરોડ મતદારો નોંધાયા હતા. આ પ્રથમ એવી ચૂંટણી છે જેમાં ૨૧મી સદીમાં જન્મેલા લોકો મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ૨૦૧૪માં ચૂંટણી દરમિયાન આ સદીમાં જન્મેલા લોકોની વય ૧૮ વર્ષની ન હતી. સાતમાં અને અંતિમ તબક્કાના મતદાન બાદ એક્ઝિટ પોલના તારણો જારી કરવામાં આવ્યા હતા.

મોટાભાગના એક્ઝિટ પોલમાં ભાજપ માટે સારા સમાચાર આવ્યા હતા. તમામ એક્ઝિટ પોલમાં ફરી એકવાર નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર બનવાના સંકેત આપવામાં આવ્યા હતા. ટાઈમ્સનાઉ-વીએમઆર, સી-વોટર અને જનકી બાતના એક્ઝિટ પોલ મુજબ ફરી એકવાર ભાજપ કેન્દ્રમાં સરકાર બનાવશે. ટાઈમ્સનાઉ અને વીએમઆરના એક્ઝિટ પોલમાં જણાવવામાં આવ્યું હતુ કે, એનડીએ શાનદારરીતે સત્તામાં વાપસી કરશે. પોલ મુજબ મોદી લહેરની સામે શાસન વિરોધી પરિબળની કોઈ અસર દેખાઈ નથી. વિરોધ પક્ષો સરકારને હચમચાવી મુકવામાં નિષ્ફળ રહ્યા છે. ટાઈમ્સ નાઉના એક્ઝિટ પોલ મુજબ એનડીએને ૫૪૨માંથી ૩૦૬ સીટો મળી શકે છે જે બહુમતિના ૨૭૨ના આંકડા કરતા ખુબ વધારે છે. કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએને મોટો ફટકો પડવાની વાત પોલમાં કરવામાં આવી છે.

## પંચનો ઈન્કાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. ત્યારબાદ વોટિંગ મશીનમાં રહેલા મતની ગણતરી કરવામા આવે છે. ચૂંટણી પંચે આજે અગાઉ અપનાવવામાં આવેલી પદ્ધિત મુજબ જ મતગણતરી કરવાનો નિર્ણય કર્યો છે. સમગ્ર કાઉન્ટિંગ પ્રક્રિયાના અંતચે દરેક સંસદીય સીટના દરેક વિધાનસભા સેંગમેન્ટ પૈકી પાચ મતદાન મથકોમાં ફરજિયાત પણે વીવીપેટની ગણતરી કરવામાં આવનાર છે. અલબત્ત ચૂંટણી પંચે રાજકીય પક્ષો સમક્ષ સ્પષ્ટતા કરી દીધી છે કે, જુની પ્રોટોકોલ પદ્ધતિ જારી રહેશે. આજે અધિકારીઓની બેઠક મળી હતી અને મતગણતરીના અંતે સ્લીપની ગણતરી કરવાનો નિર્ણય કર્યો હતો. જુની પદ્ધતિ મુજબ મતગણતરી કરવા પાછળના કારણો જાણી શકાયા નથી.

કાર્યવાહી મુજબ બેલેટ પેપરો સૌથી પહેલા ગણવામાં આવે છે. સર્વિસ વોટરની સંખ્યા ૧૮ લાખની આસપાસ હોય છે જેમાં સશસ્ત્ર દળો, કેન્દ્રીય પોલીસ ફોર્સ, રાજ્ય પોલીસ ફોર્સ હોય છે જે તેમના મતવિસ્તારની બહાર તૈનાત હોય છે. રાજદ્વારીઓ અને સપોર્ટ સ્ટાફ દ્વારા જ્યારે સર્વિસ વોટર દ્વારા મતદાન કરવામાં આવે છે ત્યારે નજર રાખવામાં આવે છે. ૧૮ લાખ નોંધાયેલા મતદારો પૈકી ૧૬.૪૯ લાખ દ્વારા ૧૭મી મેના દિવસે તેમના સંબંધિત રિટર્નિંગ ઓફિસરને પોસ્ટલ બેલેટ મોકલી દીધા હતા. પોસ્ટલ બેલેટની માનવીયરીતે મતગણતરી કરવામાં આવે છે જેમાં સમય લાગે છે. ચૂંટણી પંચે આજે વિરોધ પક્ષોની વીવીપેટ કાઉન્ટિંગની પ્રક્રિયાને બદલવાની માંગને ફગાવી દીધી હતી. ચૂંટણીપંચે વિરોધ પક્ષોનો મોટો ફટકો આપી દીધો હતો. ઈવીએમ-વીવીપેટના મુદ્દા ઉપર આજે બેઠક યોજાઈ હતી જેમાં ચૂંટણી કમિશનર અશોક લવાસા પણ ઉપસ્થિત રહ્યા હતા.